ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૬/૨૨-૨૩/ 2597 તારીખ : 12 AUG 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ,**
**મું.સુદામડા, તા.સાયલા,**
**જી.સુરેન્દ્રનગર- ૩૬૩ ૪૪૦.**

કેસ નં.૨૬/૨૨-૨૩

**મો.નં – ૯૧૭૩૭૪૨૬૦૩**

**વિષય : અમારા સર્વે નંબર વાળી જમીન પરથી અન્યના વિજ ટ્રાન્સફોર્મર હટાવી લેવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૭/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૦૭/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૬/૨૨-૨૩/૨૨૪૨ તા.૦૬/૦૭/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૬/૨૨-૨૩/૨૩૨૨ તા.૧૫/૦૭/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૦૭/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી,**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૬/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૬/૦૭/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ,મું.સુદામડા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરની અમારા સર્વે નંબર વાળી જમીન પરથી અન્યના વિજ ટ્રાન્સફોર્મર હટાવી લેવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૬/૨૨–૨૩/૨૨૪૨ તા.૦૬/૦૭/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૦૭/૨૦૨૨ ના** રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબંડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ નમસ્કાર જયભારત સાથ સાદર ઉપરોકત વિષયે અમો અરજદાર રવુભાઈ કાથડભાઈ ખવડ, મું.સુદામડા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર, ધંધો–ખેતીવાડી ની નમ્ર રજૂઆત છે કે, સાયલા તાલુકાના કોટડા ગામની સર્વે નં–૧૧૧ પૈક ૧ પૈકી ૨ વાળી આશરે ૨૦૦ વિઘા જેવી જમીન જે અમારા વડીલ ની સંયુકત મિલકત હોય જેના વારસદાર દરજ્જે અમો છેલ્લા ચાર વર્ષથી પીજીવીસીએલ કચેરી, સુરેન્દ્રનગર જીલ્લામાં ફરીયાદ રજૂઆત કરતા હોય આ જમીનની બાજુમાં આવેલ કરમશીભાઈ વસ્તાભાઈ તથા ખોડાભાઈ વસ્તાભાઈ એ ગેર કાયદેસર વિજ પોલ તથા વિજ ટાન્સફોર્મર ઉભા કરાવેલ છે. આ સમયે અમોને જાણ થતા તા.૧૭/૯/૨૦૨૦ ના રોજ પીજીવીસીએલ સાયલા ની કચેરીએ અમોએ વાંધા અરજી આપેલ હોય છતાં પણ અમારી આ સંયુકત મિલકતની બાજુમાં ખોડાભાઈ વસ્તાભાઈ તથા કરમશીભાઈ વસ્તાભાઈ ની સીમ જમીન આવેલ હોય આ લોકોની વિજ કનેકશન ની અરજી મંજૂર થતા અમારા સંયુકત સર્વે નંબર–૧૧૧ પૈકી ૧ પૈકી ૨ માંથી વિજ પોલ તથા વિજ ટ્રાન્સફોર્મર ગેરકાયદેસર

પીજીવીસીએલ કચેરીના કર્મચારી ઓ સાથે મીલાવટ કરી આર્થિક લેવડ દેવડ કરી અમારી ગેરહાજરીમાં અમારી સંયુકત મિલકતમાં ટ્રાન્સફોર્મર મૂકેલ છે. તે અમોને ભવિષ્યમાં નડતર રૂપ તથા જોખમ રૂપ અમારા જાણ માલને નુકશાન થાય તેમ હોય અમોને અન્યાય થયેલ છે.

૧.૨ આ સંયુકત મિલકત દરજ્જે અમારા લોહીના સંબંધ વાળા અમારા ભાભુના નામે હીરકુબેન દાનુભાઈ ખવડ વગેરેના વારસાઈ દરજ્જે અમારી સચિવ શ્રી મહેસુલ વિભાગ(વિવાદ) અમદાવાદની કોર્ટમાં અરજી થતા મહેસુલ સચિવ સાહેબ શ્રી તા.૧૭/૨/૨૦૧૧ ના હુકમ નં–મવીવીહકઘ/સનર ૪૦/૧૦ થી આ કેસના તમામ દાવાના આખરી નિકાલ સુધીનો મનાઈ હુકમ થયેલ હોય જેની મામલતદાર સાહેબ સાયલાનાા રેવન્યુ રેકર્ડમાં નોંધ નં–૪૭૦ થી નોંધ તા.૧૬/૫/૨૦૧૧ ના રોજ થયેલ હોય અમારી તા.૧૭/૯/૨૦૨૦ ની અરજીમાં અમોઓ વાંધા સાથે રજૂઆત કરેલ હોય છતાં, પણ આ કોર્ટ મેટર ચાલતી હોવા છતાં, વિજ ટ્રાન્સફોર્મર અમારી મિલકતમાંથી નાંખવા તદન ગેરકાયદેસર અમારી તરફેણમાં અન્યાય થયેલ હોય કારણ અમારી અરજી નો ઉકેલ કરેલ નથી. અમારા પાડોશીઓની સંમતિ લીધેલ નથી. સામાવાળાની સીમ જમીનમાં વિજ પોલ અને ટ્રાન્સફોર્મર નાખી શકાય તેવું હોય છતાં, પણ અમારી આ મિલકતમાં આ કનેકશન લાઈન તથા ટ્રાન્સફોર્મર મૂકવાનું કારણ શું ? અમારી જાણ મુજબ વિજ કર્મચારી સાયલા દ્વારા ખૂબ જ આર્થિક લેતી દેતી કરી ભ્રષ્ટાચાર થાય છે તે ચોકકસ છે.

૧.૩ આ સામાવાળા ઓ અંગત સ્વાર્થ ખાતર પીજીવીસીએલ ના કર્મચારી સાથે મળી અલગ અલગ ફીડરમાંથી ચોવીસ કલાક પાવર મેળવવા અમારી જમીનમાંથી વિજ લાઈન તથા ટ્રાન્સફોર્મર નખાવેલ છે. તેવું અમારૂ ચોકકસ માનવું છે. અને સામાવાળા કરમશીભાઈ વસ્તાભાઈ ની તાજેતરની માંગણી મુજબ હવે પછીનું ટ્રાન્સફોર્મર અમારી મિલકતની જગ્યામાં ખોટી રીતે ઉભું ન થાય અને અન્ય ફીડરમાંથી વિજ લાઈન અમારા સંયુકત સર્વે નંબર માંથી પસાર ન થાય તેનું પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરીઓનું ધ્યાન દોરી હુકમ કરવા આપ સાહેબશ્રી ને નમ્ર અરજ છે.

૧.૪ આથી, અમાર વિડ જમીનમાંથી વિજ પોલ તથા ટ્રાન્સફોર્મર દૂર કરવા અમારી નમ્ર રજૂઆત છે. સામાવાળાની હદમાં આ વિજ લાઈન તથા ટ્રાન્સફોર્મર નાખવા અમારી રજૂઆત છે તો જ અમારા વિવાદનો અંત આવશે તેવું અમારૂ માનવુ છે. આપ સાહેબશ્રી ની કોર્ટમાં નમ્ર રજૂઆત સાથે જણાવીએ છીએ કે આ બાબત સઘન તપાસ કરાવી યોગ્ય ન્યાય અર્થે ઘટતું કરાવશું તેવી અપેક્ષા સાથે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે...**

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી સાયલા જણાવ્યા મુજબ સદર વાદીશ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં (વિવાદીત) સર્વે નં–૧૧૧ પૈકી ૧ પૈકી ૨ વાળી વીડની સીમ જમીનમાંથી ગેરકાયદેસર મૂકેલ વિજ ટ્રાન્સફોર્મર હટાવી લેવા બાબતે અરજી કરેલ છે. સદર બાબતે અત્રેની ઓફીસના નાયબ ઈજનેરશ્રી દ્વારા વિવાદીત વીડ જમીન સર્વે નંબર–૧૧૧/૧/૨ ની સ્થળ મુલાકાત શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડની હાજરીમાં કરેલ. જેના અનુસંધાન તેમજ ઓફીસમાં ઉપલબ્ધ રેકર્ડ પરથી સદર કેસ બાબતે નીચે મુજબની હકીકત જાણવા મળેલ છે. આપ સાહેબની જાણ સારૂં.

૨.૨ ખેડાભાઈ વસ્તાભાઈ સર્વે નં–૧૦૧ આર. નંબર–૧૨૦૨૬૦૫૫, ગ્રાહક નં–૭૩૫૬૪/૦૦૪૭૬/૯ નું અંદાજપત્ર તા.૧૩/૩/૨૦૨૦ માં ભરેલ છે. વર્ક કમ્પ્લીશન તા.૧૪/૮/૨૦૨૦ માં થયેલ છે. રીલીઝ

તા.૨/૧૧/૨૦૨૦ થયેલ છે.

૨.૩ ગોપાલભાઈ વસ્તાભાઈ સર્વે નં–૧૦૨, એસ.આર.નં–૧૧૮૮૬૮૭૬, ગ્રાહક નં–૭૩૫૬૪/૦૦૪૭૬/૦ નું અંદાજપત્ર તા.૧૩/૩/૨૦૨૦ માં ભરેલ છે. વર્ક કમ્પ્લીશન તા.૧૪/૮/૨૦૨૦ માં થયેલ છે. રીલીઝ તા.૨/૧૧/૨૦૨૦ થયેલ છે.

૨.૪ કરમશીભાઈ વસ્તાભાઈ સર્વે નં–૧૦૦, એસ.આર.નં–૧૧૮૫૪૬૫૧, અંદાજપત્ર તા.૧૩/૩/૨૦૨૦ માં ભરેલ છે.સદર અરજદારની કામગીરી બાકી છે. સદર કેસ ડી.એમ.રીફર કરેલ છે. સદર કેસ હાલ પેન્ડીંગ હોઈ ચુકાદો આવેલ નથી.

૨.૫ અરજદારશ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ દ્વારા તા.૧૭/૯/૨૦૨૦ થી ઈન્વર્ડ નં–૧૬૧૧ થી વાંધા અરજી આપેલ છે. પરંતુ, વાંધા અરજી આપેલ ના એક માસ પહેલા ખોડાભાઈ વસ્તાભાઈ તથા ગોપાલભાઈ વસ્તાભાઈના નવા વિજ જોડાણની કામગીરી પૂરી થઈ ગયેલ હતી.

૨.૬ કરમશીભાઈ વસ્તાભાઈ ના નવા વિજ જોડાણની કામગીરી પાક ઉભો હોવાના કારણે બાકી રહેલ. જે બાબતની નોટીસ તા.૭/૯/૨૦૨૦ આઉટવર્ડ નં–૧૧૦૭૬ થી મોકલવામાં આવેલ છે.

૨.૭ શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ દ્વારા આપેલ વાંધા અરજી ના અનુસંધાનમાં વિવાદીત વીડ જમીન મોટા વિસ્તારમાં આવેલ હોય તેમાં હદનું કોઈ માર્કીંગ ન હોવાથી હદ નકકી કરવા માટે શ્રી તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, કોટડા જે તા.૨૧/૯/૨૦૨૦ આઉટવર્ડ નં–૧૧૨૮૭ થી પત્ર મોકલવામાં આવેલ છે. પણ કોઈ જવાબ આપેલ નથી.

૨.૮ સદર જમીન વિવાદીત જમીન છે. ગામ નમૂના–૭ માં માલીકી શ્રી સરકારશ્રીની બતાવે છે. તેમજ સચિવશ્રી વિવાદ, અમદાવાદ ના તા.૧૭/૨/૨૦૧૧ ના હુકમથી આ કેસના આખરી નિકાલ સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવા મનાઈ હુકમ આપવામાં આવેલ છે.

૨.૯ શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ ને તા.૧૨/૫/૨૦૨૧ ના આઉટવર્ડ નં–૧૮૨૯૬ થી વાંધા બાબતનો વિગતવાર નકશા સાથેના દસ્તાવેજી પુરાવા માંગેલ. પરંતુ, શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ દ્વારા માત્ર તાં૨૫/૫/૨૦૨૧ ના ઈનવર્ડ નં–૭૫૮ થી ગામ નમુનો–૭ પત્રનં–૧૮૨૯૬ થી ઝેરોક્ષ અરજી ની ઝેરોક્ષ નોંધ નં–૪૦૭, સમાચારપત્રનં કટીંગ જોડેલ વિગતવાર નકશા સાથેના દસ્તાવેજી પુરાવા આપેલ નથી.

૨.૧૦ સદર તમામ બાબતોને જોતા શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ દ્વારા સર્વે દરમિયાન કે વિજ લાઈન તેમજ વિજ ટ્રાન્સફોર્મર ઉભા કરવાની કામગીરી દરમિયાન કોઈ વાંધો રજૂ કરેલ નથી. વીડ વિસ્તાર મોટો હોય તેમજ હદનું કોઈ માર્કીંગ નો હોવાના કારણે અરજદાર દ્વારા બતાવેલ પોતાની માલીકી ની જગ્યામાં વિજ ટ્રાન્સફોર્મર ઉભા કરવાની કામગીરી કરેલ છે. શ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ વિગતવાર નકશા સાથે ના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ હોય સદર બાબતે પીજીવીસીએલ કંપની નો કોઈ બદ ઈરાદો જણાતો નથી.

જે આપ સાહેબશ્રી ની જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂં.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ, મું સુદામડા, તા.સાયલા, દ્વારા તેમની સંયુકત માલીકીની જગ્યા સર્વે નંબર–૧૧૧/૧/૨, ગામ–કોટડાની જમીનમાંથી ગેરકાયદેસર મૂકેલ વિજ ટ્રાન્સફોર્મર હટાવી લેવા બાબતે તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદી દ્વારા જે તે સમયે લાઈન નાંખતા સમયેલ વાંધો ન લેતા બાદમાં વાંધો રજૂ કરેલ છે. તથા તે બાબતની મેટર હાલ નામદાર ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સમક્ષ પડતર છે. સવિશેશ, કંપની દ્વારા જરૂરી કાર્યવાહી નિયમોનુસાર કરી જે તે વિજ ટ્રાન્સફોર્મર લગાડવા બાબતની કાર્યવાહી કરેલ છે.

૩.૩ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન બન્ને પક્ષોની મૌખિક દલીલો સાંભળતા ફોરમને જણાય છે કે, વાદીશ્રી રવુભાઈ કાથડભાઈ ખવડ, પ્રતિવાદી પીજીવીસીએલ ના ગ્રાહક નથી.

સવિશેષ જીઈઆરસી નોટીફીકેશન નં–૨/૧૯ ના કલોઝ નં–૧.૫ (ગ) મુજબ,

"**ફરીયાદી** એટલે (ક) તેના કાયદેસર વારસો કે ઉતરાધિકારીઓ સહિત કોઈપણ ગ્રાહક કે ગ્રાહકો જેને પરવાનેદાર સામે ફરીયાદ હોઈ ને તે તેણે સીધે સીધી અથવા તેમના પ્રતિનિધિ મારફત ફરીયાદ દાખલ કરી હોય, (બ) તત્સમયે અમલમાં હોય તે કાયદા અન્વયે નોંધણી કરયેલ કોઈપણ સ્વૈચ્છિક ગ્રાહક એસોસીએશન કે એસોસીએશનના જેઓ ગ્રાહક (કો)/ સ્વૈચ્છિક ગ્રાહક એસોસીએશન(ના) જયાં પરવાનેદાર આવા ગ્રાહકો(કો) /સ્વૈચ્છિક ગ્રાહક એસોસીએશન (ના) ની ફરીયાદ નોંધે નહી અથવા નોંધવામાં નિષ્ફળ રહયા હોય, (ઘ) જેનું વિજળી જોડાણ કાપી નાંખવામાં આવ્યું હોય તેવી કોઈપણ વ્યકિત, અથવા (જ) વિજળી પુરવઠા માટે નવા જોડાણ માટેનો અરજદાર હોય."

આથી, હુકમ કરવામાં આવે છે કે, અરજદાર જીઈઆરસી ના નોટીફીકેશન નં–૨/૧૯ ના કલોઝ નં–૧.૫(ગ) મુજબ ફરિયાદીની વ્યાખ્યામાં આવતા ન હોય, તેમની અરજી બાબતની આગળની કાર્યવાહી ફોરમના કાર્યક્ષેત્રમાં કરવાની થતી નથી, જેથી અત્રેના ફોરમ દ્વારા અરજી બાબતે કોઇ કાર્યવાહી કે હુકમ કરવાનો થતો નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે. એમ. મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ. એ. જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૬/૦૭/૨૦૨૨.